તપ અને તપસ્વી

નપની ગુણગાથા સાથે

આયંબિલ વર્ધમાન તપ ૧૦૦ ઓળીના આરાધકની જીવનકથા



પ્રકાશક

અચુભાઇ ચીમનલાલ ઝવેરી

દિવ્યદર્શન કાર્યાલય

કાળુશીની પોળ અમદાવાદ

સંવત ૨૦૧૮

આસો સુદ ૭



પરમપૂજ્ય ગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ આચાર્ય દેવ
શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા



વ્યાખ્યાન વાચસ્પતિ શાસન પ્રભાવક પ પૂ આચાર્ય દેવ
શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ



વિદ્વદ્વર્ય પૂ. પં. શ્રી [illegible]વિજયજી

॥ ॐ ह्रीँ अर्हं नम ॥

તપ

<u>જૈનધર્મમા વિવિધ પ્રકારે તપનુ વિશિષ્ટ સ્થાન —</u>

તપ વિના ધર્મનુ સ્વરૂપ પરિપૂર્ણ થતુ નથી, તેથી જ કહેવાયુ છે કે,

'धम्मा मगलमुक्किट्ट, अहिंसा सजमो तवा ।'

અહિંસા, સયમ અને તપરૂપી ધર્મ એ ઉત્કૃષ્ટ મગળ છે

જ્યા ધર્મનુ સ્વરૂપ ચાર પ્રકારે વર્ણવાયુ છે, ત્યા પણ તપની વિશિષ્ટ ગણના થયેલી છે —

'दान सुपात्र विशद च शील, तपो विचित्र शुभभावना च ॥'

પચાચારના પરિચય પ્રસગે પણ શાસ્ત્રકારોએ તપનો વિશિષ્ટ નિર્દેશ કરેલો છે

'दसण नाण-चरित्ते, तव-आयार अ वीरियायारे ।
एसो आयायारो पचविहो होइ नायव्वा ।'

દેવ, ગુરુ અને ધર્મની યથાર્થ ઉપાસના કરવા માટે શ્રી નવપદજીનુ આરાધન ઉત્તમ ગણાય છે તેમા પણ તપને માનવતુ સ્થાન પ્રાપ્ત થયેલુ છે —

અરિહંત, સિદ્ધ આચારજ પાઠક સાધુ સકલ ગુણખાણ,
દર્શન, જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાણ,
ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન

દશવિધ યતિધર્મની ગણના કરતા પણ તપનું તેજ ઝળહળી ઉઠયુ છે —

खंति मुत्ती अज्जवे, मद्दवे लाघव सच्च ।
संजम तव चेइय बंभचेरवासिय ॥

શ્રાવકના છ પ્રકારના નિત્યકર્મોમા પણ તપના દર્શન થાય છે —

'देवपूजा गुरुपास्ति स्वाध्याय संयमस्तप ।
दानं चेति गृहस्थानां षट् कर्माणि दिने दिने ॥

વીશ સ્થાનકનુ (પદનુ) આરાધન કરતા જીવ તીર્થંકર ગોત્ર બાંધે છે, તેમા પણ તપને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત થયેલુ છે -(૧) અરિહંતપદ, (૨) સિદ્ધપદ, (૩) પ્રવચનપદ, (૪) આચાર્યપદ, (૫) સ્થવિરપદ, (૬) ઉપાધ્યાયપદ, (૭) સાધુપદ, (૮) જ્ઞાનપદ, (૯) દર્શનપદ, (૧૦) વિનયપદ, (૧૧) ચારિત્રપદ, (૧૨) બ્રહ્મચર્યપદ, (૧૩) ક્રિયાપદ, (૧૪) તપપદ (૧૫) ગૌતમપદ, (૧૬) જિનપદ, (૧૭) સંયમપદ, (૧૮) અભિનવજ્ઞાનપદ, (૧૯) શ્રુતપદ અને (૨૦) તીર્થપદ

શાસ્ત્રકારોએ મનુષ્ય જન્મનુ ફળ આઠ વસ્તુઓથી માન્યુ છે, તેમા પણ તપને યાદ કર્યું છે —

पुज्यपूजा दया दानं, तीर्थयात्रा जपस्तप ।
श्रुत परोपकारश्च, मर्त्यजन्मफलाष्टकम् ॥

કલિકાલસર્વજ્ઞ પૂ આચાર્ય શ્રી હેમચદ્રાચાર્ય મહારાજ તો તપને જ મનુષ્ય જીવનનુ મહાફળ ગણાવે છે —

अद्यश्वीन विनाशस्य शरीरस्य शरीरिणाम् ।
सकामनिर्जरासार तप एव महत् फलम् ॥

મનુષ્યનુ શરીર કે જે આજ-કાલ વિનાશ પામવાનુ છે, તેનુ મોટુ ફળ એજ છે કે સકામ નિર્જરા કરનારૂ તપ કરવુ

તપની અચિત્ય શક્તિ —જૈન શાસનમા તપને આટલુ મહત્ત્વ આપવાનુ કારણ એ છે કે કોડો ભવમા સચિત થયેલા કર્મો તેના વડે જ નાશ પામે છે

'भवकोडीसंचियं कम्मं तवसा निज्जरिज्जइ ।'

આ વસ્તુ શાસ્ત્રકારોએ દૃષ્ટાત વડે સમજાવી છે —

'मल स्वर्णगत वह्निह स क्षीरगत जलम् ।
यथा पृथक्करोत्येव जन्तो कर्ममल तप ॥

જેમ સુવર્ણમા રહેલા મેલને અગ્નિ જુદો પાડે છે, દૂધમા રહેલા જળને હસ જુદુ પાડે છે, તેમ આત્મામા રહેલા કર્મરૂપી મેલને તપ જુદો પાડે છે

અને તે કારણે જ તપની પ્રશસા છે એક નિર્ગ્રંથ મહર્ષિએ કહ્યુ છે કે—

અરિહંત, સિદ્ધ આચારજ પાઠક સાધુ સકલ ગુણખાણ,
દર્શન, જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાણ,
ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન

દશવિધ યતિધર્મની ગણના કરતા પણ તપનુ તેજ ઝળહળી ઉઠ્યુ છે —

'खंति मुत्ती अज्जव, मद्दवे लाघव सच्चे ।
सजम तव चेइय बभचेरवासिय ॥

શ્રાવકના છ પ્રકારના નિત્યકર્મોમા પણ તપના દર્શન થાય છે —

'देवपूजा गुरुपास्ति स्वाध्याय सयमस्तप ।
दानं चेति गृहस्थाना षट कर्माणि दिने दिने ॥

વીશ સ્થાનકનુ (પદનુ) આરાધન કરતા જીવ તીર્થંકર ગોત્ર બાધે છે, તેમા પણ તપને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત થયેલુ છે -(૧) અરિહંતપદ, (૨) સિદ્ધપદ, (૩) પ્રવચનપદ, (૪) આચાર્યપદ, (૫) સ્થવિરપદ, (૬) ઉપાધ્યાયપદ, (૭) સાધુપદ, (૮) જ્ઞાનપદ, (૯) દર્શનપદ, (૧૦) વિનયપદ, (૧૧) ચારિત્રપદ, (૧૨) બ્રહ્મચર્યપદ, (૧૩) ક્રિયાપદ, (૧૪) તપપદ (૧૫) ગૌતમપદ, (૧૬) જિનપદ, (૧૭) સયમપદ, (૧૮) અભિનવજ્ઞાનપદ, (૧૯) શ્રુતપદ અને (૨૦) તીર્થપદ

શાસ્ત્રકારોએ મનુષ્ય જન્મનુ ફળ આઠ વસ્તુઓથી માન્યુ છે, તેમા પણ તપને યાદ કર્યું છે —

'यस्माद् विघ्नपरंपरा विघटते दास्यं सुरा कुर्वते,
कामः शाम्यति दाम्यतीन्द्रियगण कल्याणमुत्सर्पति ।
उन्मीलन्ति महर्द्धयः कलयति ध्वंस चयः कर्मणां,
स्वाधीनं त्रिदिवं शिवं च भजति श्लाध्यं तपस्तन्न किम् ?॥

જે તપથી વિઘ્નની પરંપરા દૂર થાય છે, દેવો દાસપણું કરે છે, કામ શમી જાય છે, ઇન્દ્રિયોના સમૂહનું દમન થાય છે, કલ્યાણ વૃદ્ધિ પામે છે, મહાન ઋદ્ધિઓ પ્રાપ્ત થાય છે, કર્મનો સમૂહ નાશ પામે છે અને સ્વર્ગ તથા મોક્ષ સ્વાધીન થાય છે તે તપ શું વખાણવા યોગ્ય નથી? અર્થાત્ છે જ.'

આ વિષયમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના વચનો પણ ખૂબ ટંકશાળી છે

'आमोसही पमुहा बहुलद्धि होवे जास प्रभावे,
अष्टमहासिद्धि नवनिधि प्रगटे, नमीए ते तप भावे रे.
फल शिवसुख माहु सुर नरवर संपत्ति जेहनुं फूल,
ते तप सुरतरु सरिखो वंदु, सम मकरंद अमूल रे.
सर्व मंगलमां पहेलुं मंगल वरणवियुं जे ग्रंथे,
ते तपपद त्रिहुं काल नमीजे, वर सहाय शिवपंथे रे

જૈન શાસ્ત્રકારોએ તપની તાકાત વર્ણવતા જણાવ્યું છે કે-
'अथिरं पि थिरं, वक्कं पि उज्जुअं दुलहं पि तह सुलहं ।
दुस्सज्झं पि सुसज्झं, तवेण संपज्जए कज्जं ॥

તપના પ્રભાવથી અસ્થિર હોય તે સ્થિર થાય છે, વાંકું હોય તે સરલ થાય છે, દુર્લભ હોય તે સુલભ થાય છે અને જે ઘણા પ્રયત્ને સાધી શકાય તેવું હોય તે સર-

બલાથી સાધી શકાય છે આમ તપ વડે સર્વ પ્રકારના કાર્યો સિદ્ધ થાય છે

किं बहुणा भणिएण, ज कस्स वि कह वि कत्थ वि सुहाइ ।
दीसति भवणमज्झे, तत्थ तवो कारण चेव ॥

વધારે વર્ણન કરવાથી શુ ? જગતમા કોઈને કયાંઈ કઈ પણ સુખ દેખાતુ હોય તો તેનુ કારણ તપ જ છે

તપની વ્યાખ્યા —તપની વ્યાખ્યા જુદા જુદા ધર્મોમા જુદી જુદી રીતે કરવામા આવી છે કોઈએ અમુક વ્રતને જ તપ માન્યુ છે, કોઈએ વનવાસ, કદમૂળ ભક્ષણુ કે સૂર્યની આતાપનાને જ તપ ગણ્યુ છે, તો કોઈએ કેવળ દેહદમનથી જ તપની પૂર્ણતા સ્વીકારી છે પરતુ તપના શુદ્ધ સ્વરૂપનો વિચાર કરતા આ વ્યાખ્યાઓ પૂર્ણ ગણી શકાય નહિ જૈનધર્મમા તપની વ્યાખ્યા આ પ્રમાણે કરવામા આવી છે —

'रसरुधिरमासमेदोऽस्थिमज्जाशुक्राण्यनेन तप्यन्ते ।
कर्माणि चाशुभानीत्यस्तपो नाम नैरुक्तम् ॥

રસ, રુધિર, માસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર સાત ધાતુઓ તેમજ અશુભ કર્મો જેનાથી તાપ પામે તે તપ કહેવાય છે તાત્પર્ય કે શરીર અને મનની શુદ્ધિ કરે તે જ તપ કહેવાય છે

તપનો હેતુ —જ્ઞાની ભગવતો કહે છે કે આવુ તપ 'नो इहलोगट्ठयाए नो परलोगट्ठयाए नो उभयलोगट्ठयाए नो कीत्तिवन्नसद्दसिलोगट्ठयाए नन्नत्थ निज्जरट्ठयाए ।'

આ લોકના સુખની ઇચ્છાથી નહિ, પરલોકના સુખની ઇચ્છાથી નહિ, ઉભય લોકના સુખની ઇચ્છાથી નહિ, કીર્તિ, મહત્તા કે પ્રશ સાની ઇચ્છાથી નહિ, પણ માત્ર કર્મની નિર્જરા અર્થે કરવુ જોઇએ

વળી તેમણે સ્પષ્ટ શબ્દોમા એ પણ જણાવ્યુ છે કે —

'पूजालाभप्रसिद्धयर्थ, तपस्तप्यते योऽल्पधी ।
शोष एव शरीरस्य न तस्य तपस फलम् ॥

જે મ દબુદ્ધિ મનુષ્ય પૂજા, લાભ કે પ્રસિદ્ધિને અર્થે તપ કરે છે, તેને તપનુ ફળ મળતુ નથી, કારણ કે એ તપ માત્ર શરીરનો શોષ છે [અહીં તપનુ ફળ મળતુ નથી, એમ કહ્યુ છે, તેનો અર્થ તપનુ જે ફળ મળવુ જોઈએ તે મળતુ નથી, એમ સમજવાનો છે, કારણ કે અકામ નિર્જરાથી તપ કરનારને પણ તેનુ કિંચિત્ ફળ તો મળે જ છે]

તપ કેટલુ કરવુ ?—તપના પ્રમાણ માટે શાસ્ત્રકારોએ જણાવ્યુ છે કે —

'सो अतवो कायव्वा, जेण मणोऽमगुत्र न चिंतेइ ।
जेण न इंदियहाणी, जेण जोगा न हायंति ॥

'આરાધક આત્માઓએ તેવુ જ તપ કરવો કે જેનાથી મન અશુભ ચિંતન કરે નહિ અર્થાત્ તે આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાનમા ચડી જાય નહિ જેનાથી ઇન્દ્રિયોમા ખોડ ખાપણ આવે નહિ અને જેનાથી નિત્યના ધર્મ પ્રવૃત્તિઓ હણાય નહિ'

આજ વસ્તુ તેમણે અન્ય શબ્દોમા પણ કહી છે —

'कायो न केवलमयं परितापनीयो,
मिष्टैं रसैर्बहुविधैर्न च लालनीय ।
चित्तेन्द्रियाणि न चरन्ति यथोत्पथेन,
वश्यानि येन च तदाचरित जिनानाम ।

આ શરીરને કેવળ પરિતાપ ઉપજાવવો નહિ કે તેનુ વિવિધ પ્રકારના મનગમતા રસો વડે પાલન પણ કરવુ નહિ જિનેશ્વર ભગવ તોએ એવુ તપ આચરેલુ છે કે જેનાથી ચિત્ત અને ઇન્દ્રિયો ઉન્માર્ગે ન જતા વશ રહે' (તો તપ કરો)

તપના પ્રકારો —જૈન માર્ગમા બાહ્ય અને અભ્ય તર એમ બે પ્રકારની તપશ્ચર્યાનો સ્વીકાર કરવામા આવ્યો છે અને તેથી જ શરીર, મન તથા આત્માની બરાબર શુદ્ધિ કરી શકાય છે જ્યારે કેટલાકે શારીરિક તપશ્ચર્યાને ગૌણ બનાવી માત્ર માનસિક તપશ્ચર્યા પર ભાર મૂકયો છે, એટલે તેનુ પરિણામ શુદ્ધિની દૃષ્ટિએ શૂન્યમા આવ્યુ છે આ વસ્તુ આપણા ધ્યાન પર લાવવા કોઈ કવિએ ઠીક જ કહ્યુ છે કે

'मृद्वी शय्या प्रातरुत्थाय पेया,
मध्ये भक्तं पानकं चापराह्ने ।
द्राक्षाखण्डं शर्करा चार्धरात्रे,
मुक्तिश्चान्ते शाक्यपुत्रेण दृष्टा ॥

કોમળ શય્યામા સૂવુ, સવારે ઉઠીને દુગ્ધપાન કરવુ, મધ્યાહ્નકાલે ભોજન કરવુ, પાછલા પહોરે મદિરાનુ પાન કરવુ અને અર્ધ રાત્રિએ દ્રાક્ષાખ ડ અને સાકરનો ઉપયોગ

ત્યાગ કરવો વિકૃતિના મુખ્ય ભેદો ૧૦ છે [૧] મધ, [૨] મદિરા, [૩] માખણ, [૪] માંસ, [૫] દૂધ, [૬] દહીં, [૭] ઘી, [૮] તેલ, [૯] ગોળ (સાકર) અને [૧૦] પકવાન તેમા મધ, મદિરા, માખણ અને માંસમા તે તે પ્રકારના અસંખ્ય જીવો ઉત્પન્ન થતા હોવાથી તથા તામસી અને વિકારી હોવાથી સર્વથા અભક્ષ્ય છે અને બાકીની છ વિકૃતિઓનો યથાશક્તિ ત્યાગ કરવો ઘટે છે સ્વાદની ખાતર નાખવામા આવતુ મરચુ અપેક્ષા વિશેષથી રસ જ છે, એટલે તેમા પણ સંયમી બનવાની જરૂર છે

રસની ગૃદ્ધિથી અનેક જાતના રોગો થાય છે અને કેટલીક વાર પ્રાણ પણ ગુમાવવા પડે છે વળી રસવાળુ ભોજન ઇન્દ્રિયોમા ઉત્તેજના લાવે છે, તેથી જ બ્રહ્મચર્યની સાતમી વાડમા પ્રણીતભોજનમ્' એટલે માદક આહારનો ત્યાગ કરવો એવો નિયમ બાંધેલો છે

છ વિકૃતિ અને મરચા વગેરે મસાલાનો ત્યાગ કરવા-પૂર્વક એકાસણુ કરવુ, તેને આયંબિલ કહેવાય છે ચૈત્ર સુદિ સાતમથી પૂનમ અને આસો સુદિ ૭ થી પૂનમ એમ નવ નવ દિવસની બે ઓળીઓ આ આયંબિલના તપ-પૂર્વક કરવાની નિયત થયેલી છે તે ઉપરાંત 'આયંબિલ વર્ધમાન તપ'ની યોજના પણ છે, તે આ રીતે —

उपवासान्तरितानि च, शतपर्यन्त तथैकमारभ्य ।
वृद्धया निरन्तर या भवति, तदाचाम्लवर्धमान च ॥

આયંબિલ વડે વૃદ્ધિ પામતુ જે તપ તે આયંબિલ

વર્ધમાન તપ કહેવાય છે તેમા એક આયબિલ અને એક ઉપવાસ, બે આયબિલ ને એક ઉપવાસ, ત્રણ આયબિલ ને એક ઉપવાસ એમ સો આયબિલ ને એક ઉપવાસ કરવામા આવે છે આ રીતે આ તપ પૂર્ણ કરતા ઓછામા ઓછા ચૌદ વર્ષ, ત્રણ માસ અને વીસ દિવસ લાગે છે

કાયક્લેશ —એટલે કાયાને ક્લેશ આપવો અથવા આવી પડેલા કાયાના ક્લેશને સમાધિપૂર્વક સહવા, તે માટે શાસ્રકારોએ કહ્યુ છે કે —

'ठाणा वीरासणाईया, जीवस्स उ सुहावहा ।
उग्गा जहा धरिज्जंति, कायकिलेस तमाहिय ।

જીવે સુખકારી એવા વીરાસનાદિ આસનો ઉગ્ર પ્રકારે ગ્રહણ કરવા તેને કાયક્લેશ કહેવાય છે અહીં વીરાસનાદિ શબ્દથી પદ્માસન, ગોદોહિકાસન વગેરે આસનો પણ ગ્રહણ કરવાના છે આ આસનો પણ કર્મક્ષય માટેની ધર્મક્રિયાઓ માટેજ કરવાના છે આસનની જેમ ઉગ્ર વિહાર, કેશનો લોચ વગેરે કષ્ટ સહવા એ પણ આ તપના પ્રકારો છે

સલીનતા –એટલેશરીરવાણી અને મનનુ સગોપન શાસ્રકાર મહર્ષિઓ કહે છે કે સલીનતા ઇંદ્રિય, કષાય અને યોગને આશ્રી સમજવી 'इदिय-कसाय-जोगा पडुच्च सलीणया मुणेयव्वा ।' તથા વિવિક્તચર્યા એટલે સ્રી, પશુ અને નપુસકના વાસથી રહિત એવા એકાત વિશુદ્ધ સ્થાનમા વાસ કરવો, તેને પણ વીતરાગદેવોએ સલીનતા કહેલી છે 'तहय विवित्त-चरिया पण्णत्ता वीअरायहिं ।'–આને સલી-

નના કહેવાનુ તાત્પર્ય એ છે કે-વિષય-વિકાર ઉત્પન્ન કરવામા નિમિત્ત બને એવા સ્થાનોથી દૂરને દૂર રહ્યા કરીને મનને વિષયપરાઙ્-મુખ બનાવી રાખવાનો અભ્યાસ કર્યા કરવો

છ પ્રકારનુ અભ્યતર તપ —અભ્યતર તપ પણ છ પ્રકારનુ છે (૧) પ્રાયશ્ચિત્ત (૨) વિનય, (૩) વૈયાવૃત્ત્ય, (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન અને (૬) ઉત્સર્ગ-વ્યુત્સર્ગ

પ્રાયશ્ચિત્ત એટલે પાપનુ છેદન કરનારી ક્રિયા પોતાના ગુનાનો ગુરુની આગળ બાળભાવે એકરાર કરીને ગુરુ તે પાપથી શુદ્ધિ થવાને માટે જે તપ વગેરે દડ આપે તે વહન કરવો, તેનુ નામ પ્રાયશ્ચિત તપ છે તે અધિકારભેદથી અનેક પ્રકારનો હોય છે શાસ્ત્રોમા દશ પ્રકારના પ્રાયશ્ચિત્ત પ્રસિદ્ધ છે

વિનય એટલે મોક્ષના સાધનો પ્રત્યે અ તરનુ બહુ માન, અને તેમની બાહ્ય પ્રતિપત્તિ અને આશાતનાનુ વર્જન શાસ્ત્રમા તેના પાચ પ્રકારોની પ્રરૂપણા થયેલી છે દર્શન વિનય, જ્ઞાનવિનય, ચારિત્રવિનય, તપવિનય અને ઔપચારિકવિનય આથી દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ ગુણોને ધરનારાઓનો વિનય પણ કરવો જ જોઈએ

વૈયાવૃત્ત્ય એટલે આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન (માદા કે અશકત), શૈક્ષ (નવદીક્ષિત), કુલ, ગણ, સઘ અને સાધર્મિક એ દશની નિરાશ સભાવે અને કર્મક્ષયના હેતુથી કરાતી સેવાશુશ્રૂષા

તપસ્વીઓને શત-સહસ્ર ધન્યવાદ —અહીં અમે પાઠકોને પૂછવા ઈચ્છીએ કે ગિરિ-આરોહણના સાહસો, આકાશ-ઉડ્ડયનની વીરતા અને સમુદ્રની અગાધ ઊંડાઇને તાગ લેનારા મરજીવાઓના પરાક્રમો સાંભળી આપણે ઘડીભર સ્તબ્ધ બની જઇએ છીએ, એક પ્રકારનો રોમાંચ અનુભવીએ છીએ અને શાબાસ! શાબાસ! ના પોકારો કરવા લાગી જઇએ છીએ, તો કર્મબંધનનો સર્વથા નાશ કરવા માટે જે મહાપુરુષો એ સાહસોથી કેઈ ગુણા ઉંચા તપના પરાક્રમો કરે છે, તેમને માટે કયા શબ્દો ઉચ્ચારવા જોઈએ? ધન્ય! ધન્ય!! એ શબ્દો તેમને માટે ઉચિત છે, પણ તે સો વાર-સહસ્ર વાર ઉચ્ચારીએ તો પણ તેમને પૂરો ન્યાય આપ્યો ગણાય નહિ અમે આવા તપસ્વીઓને શત-સહસ્ર ધન્યવાદ આપીએ છીએ અને તેમના પવિત્ર પરાક્રમી જીવનમાંથી બાહ્ય તથા અભ્યંતર તપની અભિનવ પ્રેરણા મેળવવાનો અનુરોધ કરીએ છીએ

આયંબિલનો અધિક મહિમા —તપના સર્વ પ્રકારો સુંદર છે, શ્રેયસ્કર છે, મહામંગલમય અને મહા કલ્યાણકારી છે, પણ અપેક્ષા વિશેષથી આયંબિલ મહિમા અધિક ગણાયો છે, કારણ કે તેના વિધિપૂર્વકના અનુષ્ઠાનથી સનતકુમાર ચક્રવર્તીને લોકોત્તર પુણ્યાઇ મળી, દ્વારિકા નગરીના દાહ ૧૧ વર્ષ સુધી અટકી ગયો, પાંચસો કોઢિયાના કોઢ મટ્યા, શ્રીમાળ રાજા અનેરી રાજ્યરિદ્ધિ પામ્યા અને લાખો લોકોના દુઃખ-દારિદ્ર દૂર થયા આ તો લૌકિક

ફળની વાત થઈ, પરન્તુ લોકોત્તર ફળ તો તેથી કેઈગુણા ઉંચા અને અકલ્પ્ય છે મહર્ષિ શ્રી ચંદ્રકેવળી આ તપના આલમ્બને કેવળજ્ઞાન પામ્યા સાધુ પુરૂષો આ તપથી વિશુદ્ધિતર સંયમમા પ્રગતિ કરે છે જ્ઞાનવરણીયાદિ કર્મોનો આ તપથી ભારે ક્ષયોપશમ થાય છે

વર્ધમાન આયંબિલ તપ —આયંબિલના અનુષ્ઠાનમા વર્ધમાન આયંબિલ તપ શ્રેષ્ઠ ગણાય છે **શ્રી ચંદ્રરાજર્ષિ** શ્રી વર્ધમાન તપની ૧૦૮ ઓળી કરીને કેવળજ્ઞાન કેવળદર્શન પામી સિદ્ધિ સૌધમા સીધાવ્યા છે અને તેમનુ નામ ૮૦૦ ચોવીસી સુધી અમર રહેવાનુ છે **શ્રી ચંદ્રરાજર્ષિ** પોતાના પૂર્વભવમા મંત્રી પુત્ર ચંદન હતા, ત્યારે તેમણે તથા તેમના પત્ની અશોકશ્રીએ, અશોકશ્રીની ૧૬ બહેનપણીઓએ સેવક હરિએ તથા ધાવમાતાએ, નિર્ગ્રંથ મહર્ષિના સદુપદેશથી વર્ધમાન તપની ૧૦૮ ઓળીઓ પૂર્ણ કરી હતી ચંદન શેઠ ત્રીજા ભવે સુજસ નામે શ્રેષ્ઠી હતા, ત્યારે તેમણે એકાંતરે ૫૦૦ આયંબિલ તથા તેમના પત્ની ભદ્રાએ લાગટ ૫૦૦ આયંબિલોની તપશ્ચર્યા બે વાર કરી હતી આ રીતે ચંદ્રરાજર્ષિએ આયંબિલ તપની ઉત્કટ આરાધના કરી તપ ધર્મનો વિજય વાવટો દિગંતમા ફરકાવ્યો હતો આજે પણ અનેક મુનિરાજો આ ભવ્ય તપની અનન્ય મને આરાધના કરી રહ્યા છે અને કેટલાક શ્રમણોપાસકો તથા કેટલીક શ્રમણો પાસિકાઓ તેમના પવિત્ર પથનુ અનુસરણ કરી રહેલ છે

શ્રી વર્ધમાન આયંબિલ તપનો અધિકાર અંતકૃત્–

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ-ગુણ-પજ્જાય રે,
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે
પરમ પંચ પરમેષ્ઠીમા, પરમેશ્વર પરધાન,
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો જિનભાણ
સિદ્ધ પદ ઉપાડનારે નીચેનો દુહો બોલવાનો હોય છે –
ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ,
અષ્ટ કર્મ મળ ક્ષય કરી ભયે સિધ્ધ નમો તાસ
તપ પદ ઉપાડનારે નીચેનો દુહો બોલવાનો હોય છે –
કર્મ ખપાવે ચીકણા, ભાવમંગળ તપ જાણુ,
પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણખાણ

તપનો વિસ્તાર —આજે શાસનના પ્રબળ પુણ્યો દયે આ તપનો વિસ્તાર સારા પ્રમાણમા થઈ રહ્યો છે, એટલે નાના મોટા સાધુ સાધ્વીઓ તથા કેટલાક શ્રાવક શ્રાવિકાઓ એનુ અનન્ય મને આરાધના કરી શમ-દમનો અપૂર્વ લાભ પામી રહ્યા છે શ્રી દંતુભાઈ તેમાના એક છે અને હમણા જ સોમી ઓળી પૂર્ણ થવાની તૈયારી છે, એટલે તેમનો જીવન પરિચય આ વિષયમા રસ લેનારા સહુ કોઈને અત્યંત ઉપયોગી થઇ પડશે

કોઠડિયા દનાત્રેય ગણપતિ જવાટકર નિપાણીવાળાનો ટૂંક જીવન-પરિચય

આજથી નો-દોઢનો વર્ષ ઉપર ઉત્તર ગુજરાતના અનેક જૈન બધુઓ ધધાર્થે મહારાષ્ટ્રમા જતા હતા અને મોટા ભાગે ત્યા જ સ્થિર થતા હતા એ રીતે બીજાપુર નિવાસી શેઠ મલુકચંદ ખુશાલચંદ કોઠરિયા ધધાર્થે મહારાષ્ટ્રમા ગયા અને બેલગામ જીલ્લાના ચીકોડી તાલુકાના



શ્રી રતુભાઈના પિતા ભાઈશ્રી ગણુપતિ મલુકચંદ કોઠડિયા

નિપાણી ગામથી પાચ માઈલ દૂર આ
વસ્યા તેઓ મૂળ વતની અમદાવાદ
હતા, એટલે કોઠડિયા કહેવાતા હતા
મહારાષ્ટ્રમા સ્થિર થયા પછી પોતાનુ
પુરના જૈનમદિરને અર્પણ કરી દીધુ

દત્તુભાઈનો જન્મ શ્રી મલુમ્ચદ
શ્રીગણપતિભાઈની ભાર્યા તાનુબાઈની
૧૮૨૯, વિક્રમ સવત્ ૧૯૬૪ ના ક
વારની રાત્રિએ થયો હતો એ રીતે
આજે ૪૯ વર્ષની ગણાય ગણપતિભ
૧ પુત્રી અને ૪ પુત્રોનુ અવસાન
દત્તુભાઈની ઉપર માતાપિતાની કિ

દત્તુભાઈ સાત ખોટના દીક
પિતાએ તેમનુ કેવા મમત્વથી પાલ
શકાય તેવુ છે પણ તેઓ હોક
દુર્ઘટના બની કાળનો કરાળ પંજો
પડયો ને તેઓ આ ફાની દુનિયા
પિતા ગમે તેટલા પ્રેમાળ હોય
શકે નહિ એટલે શ્રી ગણપતિભાઈ
ખડી થઇ પરતુ તે વખતે એમન
એમની મદદે આવ્યા અને તેમણે
ભાર પોતાના માથે લઈ લીધો
ઘરની સારસભાળ તેઓ જ રાખે

દત્તુભાઈની બાલ્યાવસ્થા પૂર્ણ
નિપાણીમા આવીને વસ્યા અને
પૈસે સુખી થયા આજે દત્તુભાઈ

સર્વત્ર પ્રસિદ્ધ છે

દત્તુભાઇના વિદ્યાર્થી જીવન વિષે એટલુ કહી શકાય કે તેઓ લાડકોડમા ઉછર્યા હતા, એટલે તોફાન–મસ્તી ખૂબ કરતા હતા, પણ સાથે જ વિદ્યાના પ્રેમી હતા, એટલે તેઓ મેટ્રીક સુધીનો અભ્યાસ સારા નબરે ઉત્તીર્ણ થઇને કરી શકયા હતા ત્યાર પછી એ લગ્ન જીવનમા જોડાયા, પરતુ ટૂક સમયમા એમના ધર્મપત્ની વિદેહ થયા એટલે તેમનુ બીજુ લગ્ન ચપાકુમારી સાથે થયુ તેનાથી તેમને એક પુત્રરત્નની પ્રાપ્તિ થઇ, જે ચક્રવર્તીના ચારુ નામથી આજે અનેક મહાનુભાવોને મોદ પમાડી રહેલ છે

આ રીતે દત્તુભાઇ ત્રીસ વર્ષની ઉમ્મરના થયા ત્યા સુધી તેમના આચરણમા અને અન્ત કરણમા ધાર્મિકતાનો અશ માત્રેય પ્રવેશ થવા પામ્યો નહોતો બીજા અનેક યુવાનોની જેમ તેઓ રાત્રિભોજન કરતા હતા અને કાદા–બટાકા વગેરે અભક્ષ્યોનુ ભક્ષણ કરતા હતા એટલુ માત્ર જ નહિ, પરન્તુ પોતાના ઘરથી માત્ર પચીસ ડગલા ઉપર જ શ્રી બાવન જિનાલય આવેલુ હોવા છતા પણ તેઓશ્રી જિનદર્શન કરવાને પણ જતા નહિ તેમા એટલુ એક સારૂ બનેલુ કે શ્રી અમીચદજી નામના એક યતિના ગાઢ પરિચયમા તેઓ આવ્યા અને તે યતિ પાસેથી કેટલીક જૈનધર્મની કથાઓ સાભળતે સાભળતે તેમને એમ

કે જૈનધર્મ છે તો ... ન્ત કરણમા
થવા છતા કદી શ્રી ... ભાવ
નહિ, પછી કોઇ ... રની તો
યતિ અમીચદજીએ ... ી કોઇ



તપસ્વી ભાઈ શ્રી દત્તુભાઈ (દત્તાત્રય) ગણપતિ જન્નાગકર

આચાર સબધી પ્રેરણા કરેલી નહિ

એ સમયમા મહારાષ્ટ્રમા આવી ધર્મથી પરાઙ્મુખતા ઘણી વ્યાપક બની ગયેલી હતી અને નવી પ્રજા ધર્મસસ્કારોથી વિહીન બનતી જતી હતી જૈન ધર્મના નામે સુધારાની વાતો કરનારાઓ પણ ધાર્મિક વૃત્તિ અને ધાર્મિક પ્રવૃત્તિથી વિરૂદ્ધનો પ્રચાર કર્યે જતા હતા સાચી દોરવણી આપનારના અભાવે આવુ ચાલતુ હતુ એવા સમયમા પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર–પૂ પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સપરિવાર મહારાષ્ટ્રમા પધાર્યા અને તેઓશ્રીના વિહારથી તથા પ્રભાવક પ્રવચનોથી મહારાષ્ટ્રમા વસતા જૈનોમા ધાર્મિક જીવનની ઉષા પ્રગટી તેઓશ્રી વિહાર કરતા કરતા નિપાણી પધાર્યા નિપાણીમા તે સમયે તેઓશ્રીની માત્ર આઠ જ દિવસની સ્થિરતા થઈ, પણ એ આઠ દિવસમા તો કેઈકના અન્તકરણોએ અને કેઈકના જીવનોએ ભારે પલટો ખાધો ધર્મથી સર્વથા પરાઙ્મુખ બની રહેલા કેટલાકો એવા ધર્મસન્મુખ બની ગયા કે એમનુ એ પરિવર્તન ધાર્મિક જનોને પણ ખૂબજ પ્રશસાપાત્ર લાગ્યા વિના રહે નહિ એમા આપણા દત્તુભાઈમા આવેલુ પરિવર્તન કદાચ સર્વશ્રેષ્ઠ કોટિનુ હશે

પૂ આચાર્યદેવશ્રીના પ્રવચનોની એવી ખ્યાતિ હતી કે-દત્તુભાઈ જેવા કદી પણ શ્રી જિનદર્શને નહિ જનારા

રહે નહિ અને શ્રી જિનાજ્ઞાસાર ગર્ભિત એઓશ્રીનુ વૈરાગ્યમય પ્રવચન સાભળતા શ્રી જિનધર્મ પ્રત્યે સહજ રીતિએ આકર્ષણ પેદા થાય દ તુભાઇનિ પણ તેઓશ્રીના પ્રવચન શ્રવણથી ભારે અસર થઇ તેઓશ્રીના અગત પરિચયનો પણ તેમને લાભ મળ્યો કેમ કે-તેમનુ સદ ભાગ્ય જોર કરી રહ્યુ હતુ પૂ આચાર્યદેવને આગળીએ કાઈક દર્દ થયુ અને એના ઉપચાર નિમિત્તે દન્તુભાઈ તેઓશ્રીની સમીપે ગયા ત્યા ખરો ઉપચાર તો દ તુભાઇના અન્ત કરણનો થઇ ગયો એથી તેમનુ અન્ત કરણ સુદેવ-સુગુરૂ-સુધર્મ પ્રત્યે ખૂબ જ ભક્તિવ ત બની ગયુ આજે પણ દ તુભાઈ તેઓશ્રીને પોતાના ધર્મપિતા તરીકે જ માને છે અને પૂજે છે

પૂ આચાર્યદેવશ્રી વિહાર કરી ગયા પણ એજ વર્ષે તેઓશ્રીના વિદ્વાન શિષ્યરત્ન પૂ પન્યાસ શ્રી ભદ્રકર વિજયજી ગણિવરનુ ચોમાસુ નિપાણીમા થયુ તેઓશ્રીનો પરિચય જેમ જેમ વધતો ગયો, તેમ તેમ દન્તુભાઈનુ ધર્માચરણ પણ વધતુ જ ગયુ અનાચરણો તો તજાઈ ગયા હતા, પણ હવે તો તેમને એકલા ધર્માચરણની જ લગની લાગી

તેમણે ભવ અવોયણા કરીને તેમા કરવાના આવેલા એકાસણા છ મહિના સુધી લાગટ કર્યા એ ચોમાસામા શ્રી પર્યુષણા અઠ્ઠાઇ આવતા તેમણે આઠેય દિવસ ચોવિહારા ઉપવાસ કરવા સાથે ૬૪ પહોરી પૌષધ કર્યા આ પહેલા તેમણે કદી પણ એક ઉપવાસ કરેલો નહિ

દ તુભાઇને સદ્ભાગ્યે તેમને તેમની ધર્મપત્ની સૌ



શ્રી દત્તુભાઈના ધર્મપત્ની ગં.સ્વ. શ્રી ચંપાબેન
પોતે બનાવેલા પ્રભુજી
સાથે [illegible] અને પાછળ

ચ પાબાઈનો પણ પ્રશસાપાત્ર યોગ મળ્યો હતો [illegible]
ભાઈએ ભવ-આલોયણના એકાસણા આદયા, ત્યારે તે[illegible]
ધર્મપત્નીએ પણ એકાસણા આદર્યા એ કહેતા કે-'[illegible]
એકાસણા કરો અને હુ છૂટી જઉ એ કેમ બને ?' [illegible]
તેમના ધર્મપત્ની બાર તિથિએ આયબિલ કરવાને [illegible]
લઈ આવ્યા તિથિ આવતા ઘરમા વાત થઈ કે '[illegible]
મારે આયબિલ છે' એટલે દનુભાઈએ પણ કહ્યુ [illegible]
હુ પણ આયબિલ કરીશ' ત્યાસુધી દનુ[illegible]
નહિ કે-આયબિલમા કેવો શુષ્ક અને [illegible]
લેવાનો હોય છે વખત થતા દનુભાઈ જમવા [illegible]
તેમના ધર્મપત્નીએ આયબિલની રસોઈ [illegible]
કોળિયો મોઢામા મૂકતા જ દનુભાઈ ચમકી [illegible]
મસાલા વગરનુ લુખુ ભોજન તે હોતુ હશે ? [illegible]
પણ આવુ તો ન ખાય ! આવુ ખાવાને [illegible]
હશે ? હુ મહારાજને કહીશ' આવુ એ [illegible]
તેમ આયબિલ કરીને પૂ પ શ્રી ભટ્ટક [illegible]
પાસે પહોચ્યા જાણે કે ઠપકો આપવો [illegible]
પરન્તુ પૂ મહારાજશ્રીએ શ્રી આયબિલ [illegible]
અને નિરાહારી પદ પામવાને આહાર [illegible]
છેદવા આ તપ ઘણો જરૂરી છે એ [illegible] તેમને
સતોષ થયો સતોષ જ થયો એમ નહિ, [illegible]
બિલ તપ પ્રત્યે તેમનામા ભારે [illegible] પૂ
મહારાજશ્રીના ઉપદેશથી તે ચોમાસાના [illegible] ૧૧ [illegible]
થી વર્ધમાન તપ આયબિલનો પાયો [illegible]
થયુ, એટલે દનુભાઈએ મજેઠશ્રી વર્ધમાન તપનો પાયો

નાખ્યો અને સઘને એ પાયો નાખવાનો રસોડાનો તથા વિધિનો જે ખર્ચ લાગે, તે પણ એમણે આપ્યો

શ્રી વર્ધમાન તપનો પાયો નાખ્યા પછી નિપાણીમા પૂ મુનિપુગવ (હાલ પન્યાસજી) શ્રી ભદ્રકરવિજયજી મ૦ ની નિશ્રામા શ્રી ઉપધાન તપ થતા દ તુભાઇએ સજોડે એ તપમા પ્રવેશ કર્યો તેમા પણ પતિ-પત્નીએ આયબિલ જ કર્યા, પણ પાછળથી દ તુભાઇને ખબર પડી એટલે તેમણે તો અટ્ઠમના પારણે આયબિલ કરવા માડયા અને એમ એ ઉપધાનમા તેમણે ૩૦ ઉપવાસ અને ૧૭ આયબિલ કર્યાં

આ પછી બીજુ ઉપધાન દ તુભાઇએ અને તેમના ધર્મપત્નીએ કોલ્હાપુરમા પૂ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચદ્રસૂરીશ્વરજી મહારાજની પવિત્ર અને તારક નિશ્રામા કર્યું આ ઉપધાન પણ આયબિલ તપથી જ કર્યું આયબિલ તપમા પણ એમણે ૩૭ કવલ આહારનો નિયમ અખડપણે જાળવ્યો આ ઉપધાનમાથી દ તુભાઇ નીકળ્યા, ત્યારે એમના શરીરનુ વજન ઘટયુ નહોતુ પણ રતલ વધવા પામ્યુ હતુ

એજ ચતુર્માસ દરમ્યાનમા શ્રી પર્યુષણ મહાપર્વ આવતા, દ તુભાઇએ પૂ આચાર્યદેવશ્રીની નિશ્રામા કોલ્હાપુરમા ૧૬ ઉપવાસનો તપ કર્યો હતો

પૂ ગુરૂદેવશ્રીના શ્રીમુખે એકવાર દ તુભાઇએ એક પુણ્યશાળીએ લાગટ છ મહિના આયબિલનો તપ કર્યાનુ સાભળ્યુ એટલે એમને પણ એવો લાગટ તપ કરવાનુ મન થઈ ગયુ શ્રી વર્ધમાન તપની નવ ઓળી તો થઇ હતી, એટલે તા ૨૭-૩-૧૯૨૯ થી દ તુભાઇએ અને તેમના

ધર્મપત્નીએ ૭ માસ પર્યન્ત લાગટ આયંબિલનો તપ કરવાના મનોરથથી દશમી ઓળી આદરી, અને ત્યાર બાદ ૧૧ મી, ૧૨મી એમ ઓળીઓ કરવા જ માંડી આમ આયંબિલ કરતા ૭ મહિના થઇ ગયા એટલે દલુભાઇને અધિક સમય માટે આયંબિલ તપ કર્યે જવાની ભાવના થઇ અને એક વર્ષ પૂરૂ થયુ, ૫૦૦ આયંબિલ પૂર્ણ થયા, તો પણ એ ભાવના જોર જ કરતી રહી, એટલે એમણે અને એમના ધર્મપત્નીએ પણ ચઢતે પરિણામે આયંબિલનો તપ જારી જ રાખ્યા કર્યો

આ તપ ચાલુ હતો તે દરમ્યાનમા પૂ સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સપરિવાર મીરજ પધાર્યા એ પરમ કૃપાળુએ દલુભાઇને બોલાવીને શ્રી સિદ્ધગિરિજીની યાત્રા કરવાની ભારપૂર્વક ભલામણ કરી, કેમકે દલુભાઇએ તે પૂર્વે શ્રી સિદ્ધગિરિજીની યાત્રા કરી જ નહોતી એ વખતે દલુભાઇની શારીરિક સ્થિતિ ઘણી કથળેલી હતી અને આખની નીચેનો ભાગ કાળો પડી ગયેલો હતો, પણ પૂ આચાર્યદેવશ્રીની એ પ્રેરણાને તેમણે તરત જ વધાવી લીધી આમ થવામા પૂજ્યશ્રીની અવસરોચિત પ્રેરણાનો કોઇ કુદરતી સંકેત હતો એમ પણ લાગે છે, કેમ કે–જો એ દલુભાઇ શ્રી સિદ્ધગિરિજીની યાત્રાએ જાત નહિ, તો તેમના ધર્મપત્ની આ જીવનમા શ્રી સિદ્ધગિરિજીની યાત્રા કર્યા વિનાના જ રહી જાત દલુભાઈ પાલીતાણા પહોચ્યા ત્યારે શારીરિક નબળાઇ વધી ગયેલી હતી, છતા તે દિવસે એટલે કે ચૈત્ર સુદી તેરશે તળે

ટીની યાત્રા કરી આવીને આયબિલ કર્યુ અને ચૈત્ર ચૌદશે ઉપવાસ કરીને શ્રી સિદ્ધગિરિજી ચઢીને યાત્રા કરી, એમને થયેલુ કે આવતી કાલે ચૈત્રી પૂનમ છે અને ચૈત્રી પૂનમની યાત્રા ખાસ કરવી જ જોઇએ, પણ પૂ આચાર્યદેવશ્રીએ વહેલી તકે યાત્રા કરવાની પ્રેરણા કરેલી તેથી પૂનમે યાત્રા નહિ થાય એમ લાગવા છતા પણ ચૌદશે યાત્રા કરી પૂનમે સવારે શક્તિ બિલકુલ નહોતી, છતા લથડને પગે નીકળ્યા ચલાયુ નહિ એટલે ઘોડાગાડીમા તળેટીએ પહોચ્યા ત્યા પહોચતા ઉલ્લાસ એટલો બધો વધી ગયો કે—એમણે તો દાદા શ્રી આદીશ્વર ભગવાનનુ નામ રટતે રટતે ચઢવા માડ્યુ થોડે ગયા તો ખરા, પણ લાગ્યુ કે હવે ચઢવા માટે શરીર તદ્દન અશક્ત છે ત્યા વિસામો આવતા સુઇ ગયા એ પ્રમાણે એ સુતેલા ત્યા એમના તપ અને ગિરિરાજનો કેવો ચમત્કારિક પ્રભાવ કે એક અજાણ્યા યાત્રિકે આવીને તેમના પગ દાબવા માડ્યા પછી એ ભાઇએ ચઢાવી લઈ જવા માટે ટેકો આપ્યો દ તુભાઇને અ દર ધગશ તો હતી જ, તે ઉઠયા, અને ટેકે ટેકે ઠેઠ ઉપર ચઢી ગયા દાદાના દર્શન કરી, સ્નાન કરી, દાદાની પૂજા પણ ખુબ ઉલ્લાસથી કરી પછી એ ભાઈ પાછા સાથે જ નીચે ઉતર્યા તળેટીએ આવીને એ બન્નેએ સાથે આયબિલ કર્યુ દ તુભાઇના પિતાશ્રી વગેરે તો યાત્રાએથી બહુ મોડા પાછા ફર્યા પાછળથી એ ભાઇનો પત્તો ન મળ્યો, કેમ જાણે શાસનદેવે જ એમને મોકલી આપ્યા ન હોય!

આવુ જ આશ્ચર્ય દ તુભાઇએ શ્રી ગીરનારજી તીર્થની યાત્રામા અનુભવ્યુ બધા તેમને ડોળીમા બેસવાનુ કહેતા

વર્ધમાન તપ ૧૦ મીથી ૩૮ મી સુધીની ઓળીઓ પૂર્ણ કરી અને તેમા ઉપધાન તપની આલોચણાના કેટલાક દિવસ ઉમેરી દીધા

દતુભાઈના ધર્મપત્ની ચ પાબાઈ પણ સાથે જ આય બિલનો તપ કરતા હતા યાત્રાએથી આવ્યા બાદ દતુભાઈની માદગીમા તેમને ટાઈફાઈડ તાવ આવી ગયો અને તેમા તે બેશુદ્ધ બની ગયા ૭૯૭ દિવસનો લાગટ તપ થયો હતો, માત્ર ૧૦ જ દિવસ બાકી હતા, ત્યા આ બન્યુ એથી બેશુદ્ધ દશામા તેમને પારણુ કરાવવુ પડયુ પારણુ કર્યા બાદ તે ધીમે ધીમે દેવ-ગુરૂની કૃપાથી સાજા થઈ ગયા અને તે પછી તેમણે વર્ધમાન તપની ૩૮ મી તથા ૩૯ મી ઓળી કરી

ઉપલા લાગટ તપના સમય દરમ્યાનમા શકે ૧૮૬૨ ના કાર્તિક વદી ૧ શનિવારે પૂ સિદ્ધાન્તમહોદધિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની પરમ તારક નિશ્રામા દતુભાઈએ અને તેમના પત્નીએ ચતુર્થવ્રત ઉચ્ચરવાપૂર્વક બાર વ્રત ઉચ્ચર્યા તેમજ એજ વર્ષમા મહા સુદી ૧૪ ના શુભ દિને પૂ આચાર્યદેવશ્રીની નિશ્રામા પોતાના ભરાવેલા શ્રી જિનબિંબની શ્રી અ જનશલાકા કરાવીને તે બિંબને ગાદીનશીન કરવાનો શુભ લાભ પણ દતુભાઈએ સજોડે લીધો આમા રૂા ૧૦૦૦૦)નો સદ્વ્યય કર્યો

શકે ૧૮૬૩ મા ચ પાબાઈ માદા પડયા એ બિમારી ૧૪ મહિના સુધી લ બાઇ, પણ આખરે તે શકે ૧૮૬૪ના કાર્તિક સુદી ૨ ના રોજ જીવલેણ નીવડી ચ પાબાઈનુ

મૃત્યુ પણ જ શાન્તિપૂર્વક આરાધનામગ્નપણે થયુ હતુ
ધર્મને પામેલાઓ જીવનને તો સુધારે છે પણ મરણને
પણ સુધારે છે, એનો આ એક નમુનો હતો માંદગી
દરમ્યાનમા ઘણીવાર એવુ બનતુ કે-ચપાબાઇને તાવ વધી
જતો એ વખતે અન્તર્મલીન આરાધના માટેનુ
સુવિખ્યાત સ્તવન શ્રી પદ્માવતી આરાધનાની ચોપડી હાથે
ચપાબાઇ તેની ગાથા બોલવા માંડતા એ ગાથા બોલે કે
તરત તાવ ઉતરી જાય એવુ આશ્ચર્ય બનતુ હતુ અનુ
મોદનીય તો એ છે કે-એ અવસરે હાથવેંતરામાં બેઠેલ
ચપાબાઈનુ લક્ષ્ય અન્તિમ આરાધના તરફ હતુ ચપા
બાઇને જ્યારે લાગ્યુ કે હવે હુ બચવાની નથી, ત્યારે
તેમણે પોતાના ધન તથા દાગીના રૂપિયા છ હજાર ના
દાગીના વેચાવી તે રકમ વ્યાજે મુકાવી દઇ તેનું દ્રવ્ય
ધર્મ ખાતે વાપરવા જણાવ્યું અને તે રકમ વધીને
આજે સત્તાવીસ હજારની થઇ છે અને તેમાંથી એક
શિખરબંધી કાચનુ શ્રી જિનમંદિર થઈ તેના શ્રી
ચપાપતિ વિહાર નામ આપવાની શ્રી [illegible] રચના છે
ચપાબાઇના દેહાવસાન બાદ [illegible] એ પોતાના
તપશ્ચર્યાને જ વેગ આપ્યા કર્યો છે [illegible] મા તેમણે
પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી [illegible] મહારાજની
પવિત્ર નિશ્રામા અને શ્રી સિદ્ધગિરિ [illegible] છાયામા
ત્રીજુ ઉપધાન તપ કર્યું તે [illegible] જ કરવા
માડ્યુ એ ઉદ્યાપનમા વાદે [illegible] પૂ. આચાર્ય
દેવશ્રીએ કોઈ બાઇને ઉપદેશ [illegible] મોહિયાપણામા
પણ સુભાગ્ય છો એવુ [illegible] કહેલા એમને

મૃત્યુ પૂર્વ [illegible] થયું હતું
ધર્મને [illegible] તે [illegible] છે [illegible] મરણને
પણ સુધાર્યું છે, [illegible] હતો માંદગી
દરમ્યાનમાં [illegible] ચંપાબાઈને તાવ સખ્ત
થઈ જતો [illegible] આરાધના માટે
સુવિખ્યાત [illegible] શ્રી [illegible] આરાધનાની ચોપડી લઈને
ચંપાબાઈ [illegible] સાંભળતા એ ગાથા બોલે કે
તરત તાવ [illegible] એવું આશ્ચર્ય બનતું હતું આનું
મોહનીય [illegible] છે કે—એ અવસરે હાયવોય કરવાને બદલે
ચંપાબાઈનું લક્ષ્ય અન્તિમ આરાધના તરફ રહેતું ચંપા
બાઈને જ્યારે લાગ્યું કે હવે હું બચવાની નથી, ત્યારે
તેમણે પોતાના આભૂષણ તરીકેના રૂપિયા [illegible]
દાગીના વેચાવી તે રકમ વ્યાજે મૂકાવી [illegible]
ધર્મ ખાતે વાપરવા જણાવ્યું આજે [illegible]
આશરે ચાલીસ હજારની થઈ છે અને [illegible]
શિખરબંધી કાચનું શ્રી જિનમંદિર [illegible]
ચંપાપતિ વિહાર નામ આપવાની [illegible]

ચંપાબાઈના દેહાવસાન બાદ પણ [illegible]
તપશ્ચરણને જ વેગ આપ્યા કર્યો [illegible] ૧૯૬૪ માં [illegible]
પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય[illegible]
પવિત્ર નિશ્રામાં અને શ્રી સિદ્ધગિરિજીની [illegible]
ત્રીજું ઉપધાન તપ આદર્યું [illegible]
માંડ્યું એ દરમિયાનમાં [illegible]
દેવશ્રીએ કોઈ બાઈને [illegible]
ઘણું ગુમાવ્યો છો' એવું [illegible]

વિચાર થયો કે- આ વાતોડિયાપણાનો દોષ મારામા છે કે નહિ ? હુ ઉપવાસ નથી કરતો તે અશક્તિથી ? પૂ આચાર્ય દેવશ્રીને તેમણે પૃછયુ, ત્યારે પૂ આચાર્યદેવશ્રીએ કહ્યુ કે-તમારે માટે એ વાત નથી ! છતા દ તુભાઈને સતોષ થયો નહિ તેમને આગલા દિવસનો-ચૌદશનો ઉપવાસ તો હતો જ અને તેમણે તેના ઉપર ૧૬ ઉપવાસના પચ્ચ ખ્ખાણ કર્યા આમ ૧૭ ઉપવાસ થયા પણ તે આક ઠીક લાગ્યો નહિ એટલે દ તુભાઈએ ૧૮ મો ઉપવાસ કર્યો આ ઉપરથી ખ્યાલ આવશે કે દ તુભાઈ તપશ્ચર્યા કરવામા કેટલા બધા શૂરા છે દ તુભાઈએ એ પછી માસખમણ વગેરે અનેકવિધ તપશ્ચર્યાઓ કરી છે આ ત્રીજા ઉપધાન પછી તેમણે કદી પણ એકાસણાથી ઓછો તપ કર્યો નથી અને એક વાર શ્રી વીરશાસનમા એક પુણ્યવાન રોજ ઠામ ચોવિ હાર કરે છે એવી વાત વાચવામા આવી, ત્યારથી દ તુભાઈ રોજ ઠામ ચોવિહાર જ કરે છે

દ તુભાઈએ શકે ૧૮૬૮ ના ફાગણવદિ ૬ થી અઠ્ઠમની તપશ્ચર્યા પૂર્વક આય બિલની ઓળી ચાલુ કરી દીધી ચાલુ આબેલે વચમા વર્ષી તપનો શુભારભ કર્યો અને શકે ૧૮૭૧ ના વૈશાખ સુદિ ૩ ના દિવસે ગિરિરાજ ઉપર છ ના ચાર ઉપવાસથી ૭૦ મી ઓળી તથા વર્ષી તપનુ પારણુ કર્યુ

શકે ૧૮૭૧ ના શ્રાવણ સુદિ ૫ ના દિવસે દ તુભાઈના પૂજ્ય પિતા ગણપતિભાઈનો સ્વર્ગવાસ થયો અને તેઓ એકાકી બની ગયા આ દિવસનુ વર્ણન કરતા દ તુભાઈ જણાવે છે કે 'તે દિવસે પિતાજી ખુશીમા હતા કઈક

આરાધનાના ખ્યાલથી તેમણે પુસ્તક માગ્યુ, તો કુદરતી રીતે જ પૂ પ મ શ્રી ભદ્રકરવિજયજીએ રચેલુ અંતિમ આરાધનાનુ પુસ્તક હાથમા આવ્યુ તે સપૂર્ણ વાચી સાજના પાંચ વાગે દેહ છોડયો'

શ્રી ચંદુભાઈએ ૯૦ મી ઓળીથી ઠામ ચૌવિહાર ચાલુ કર્યો તે આજ પર્યંત ચાલુ છે

તેમણે ૯૧ મી ઓળી એકોત્તર ઉપવાસ અને આયબિલથી કરી તેમા ભાવના થતા વચમા માસખમણ કર્યું

શ્રી ચંદુભાઈએ નિપાણીમા પૂ પ મહારાજશ્રી ભદ્રકરવિજયજીની નિશ્રામા ચોવિહાર અઠ્ઠાઈ કરી હતી ત્યાર પછી સાગાણીમા પ પૂ આ મ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામા નવ ચોવિહારા ઉપવાસની કઠક આરાધના કરી હતી અને પૂ મુનિરાજશ્રી લલિતવિજયજી મહારાજ સાહેબના નિપાણી ચાતુર્માસમા ૧૦ ચોવિહાર ઉપવાસ કર્યા હતા, જે તેમની અજોડ તપશક્તિનો પ્રત્યક્ષ પુરાવો છે

આવી તપશ્ચર્યા કરનારમા કેટલુ મનોબળ જોઇએ, કેટલુ શ્રદ્ધાબળ જોઇએ અને કેટલી સહનશક્તિ જોઇએ તેની કલ્પના વાચકોએ સ્વય કરી લેવી આ તપશ્ચર્યા કરતા કેટલીકવાર મરણાંત ઉપસર્ગો પણ થયા છે અને નાની મોટી માદગીઓ પણ સહન કરવી પડી છે, પણ તેમણે કદી ધૈર્ય ગુમાવ્યુ નથી કે શ્રદ્ધાનુ પ્રમાણ ઘટાડયુ નથી જ્યારે આવી માદગીના પ્રસંગો ઉપસ્થિત થતા, ત્યારે તેઓ ખૂબ બારીકાઈથી પોતાનુ આત્મનિરીક્ષણ કરતા અને 'વાપરવામા કઇ ભૂલ તો નથી થઇ?' એ શોધી કાઢતા એ

ભૂલ દૂર કરતા ઘણી વાર સારૂ ન થતુ ત્યારે પોતાના મનથી કલ્પેલુ ઔષધ વાપરતા અને સારા થઈ જતા! આજે શ્રદ્ધાનો ચમત્કાર કહો કે તપનો પ્રભાવ કહો પણ તેઓ આ રીતે કસોટીમાથી પાર ઉતરતા અને વધારે જ્વલંત શ્રદ્ધા સાથે આગળની ઓળીઓમા પ્રવેશ કરતા

આ રીતે તેઓ શ્રી વર્ધમાન તપની ૧૦૦ મી ઓળી ન ૨૦૧૩ ના આસો સુદિ ૧૫ ના રોજ પૂર્ણ કરે છે અને જૈન શાસનના સોનેરી પૃષ્ઠો પર એમણે પોતાનુ નામ સદા માટે અકિત કર્યુ છે તેમજ વધારે ખુશીની વાત તો એ છે કે તેમનો પુત્ર ચક્રવર્તી કોલેજની ન પૂર્ણ કેળવણી પામેલો હોવા છતા પિતાના પુનિત પગલે પ્રયાણ કરી શ્રી વર્ધમાન આયંબિલ તપનો આરાધક બની ૩૯ મી ઓળી પૂર્ણ કરી ચૂકયો છે

આ પ્રભાવક તપસ્વી શ્રી દતુભાઈની જેટલી પ્રશસા કરીએ તેટલી ઓછી જ છે આશા છે કે અન્ય મહાનુભાવો તેમના પગલે ચાલી તપનો મહિમા વિસ્તારશે અને એ રીતે જગતની જનતાને તરી જવાનો માર્ગ વધારે સરળ સુદર, ને વધારે ઉજ્જવળ બનાવશે

जैन जयति शासनम् ॥

તપ અને તપસ્વી

તપની ગુણગાથા સાથે

આયંબિલ વર્ધમાન તપ ૧૦૦ ઓળીના આરાધકની જીવનકથા



પ્રકાશક


અનુભાઇ ચીમનલાલ ઝવેરી

દિવ્યદર્શન કાર્યાલય

કાળુશીની પોળ, અમદાવાદ

સંવત ૨૦૧૮ આસો સુ. ૭





પરમપૂજ્ય ગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ આચાર્ય દેવ
શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા